BUSINESS મિત્ર

રૂપિયો નબળો, વૈશ્વિક ફુગાવાની ચિંતા વચ્ચે શેરબજારમાં બેઉતરફી વધઘટ રહી

ચાર દિવસના ઘટાડા બાદ બજારે લીધો હાશકારો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 13: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદન અને સોના-ચાંદીમાં આયાત ડયુટી વધારી દેવાના નિર્ણય બાદ શેરબજારમાં બેઉતરફી વધઘટ જોવા મળી હતી, પણ આજે ચાર દિવસના ઘટાડાનો સીલસીલો તોડી નાંખ્યો હતો અને નજીવા સુધારા સાથે સેન્સેક્સ-નિફ્ટી બંધ રહ્યા હતા. જ્યારે બેન્ક નિફ્ટી લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

એકબાજું સતત વિદેશી રોકાણકારોની વેચવાલી, રૂપિયાની નબળાઈ અને વૈશ્વિક ફુગાવાની ચિંતાઓ વચ્ચે સેન્ટિમેન્ટ નાજુક રહ્યું હતું, આમ છતાં, નિફ્ટી 23400ની સપાટીની ઉપર બંધ રહેવામાં સફળ રહી હતી. આજે શેરબજારને મેટલ શેરોની આગેવાની જોવા મળી હતી. તેની સાથે કન્ઝયુમર ડયુરેબલ્સ અને ઓઈલ એન્ડ ગેસ શેરોમાં વધારો જોવાયો હતો. જ્યારે આઈટી, ઓટો અને રિયલ્ટી શેરોમાં ઘટાડો નોંધાયો હતો. બ્રોડર માર્કેટમાં પણ ધીમો સુધારો આગળ વધ્યો હતો, જોકે, લાર્જકેપ શેરોની સરખામણીએ સારૂં પ્રદર્શન કર્યુ હતું.

બીએસઈ સેન્સેક્સ 49.74 પોઈન્ટ એટલે કે 0.07 ટકા વધીને 74608.98 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 75191 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74134 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 33.05 પોઈન્ટ એટલે કે 23400 પોઈન્ટની સપાટી કુદાવીને 23412.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23582 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23262 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 99.005 પોઈન્ટ એટલે કે 0.18 ટકા ઘટીને 53456.15 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે આઈઆઈએફએલ ફાઈ. લિ.માં 13.95 ગણા, બર્ગર પેઈન્ટસમાં 9.64 ગણા, ફાઈવ સ્ટાર બિઝનેસ ફાઈ.માં 7.37 ગણા, બજાજ હોલ્ડીંગ્સમાં 4.62 ગણા અને વર્ધમાન ટેક્સટાઈલ્સમાં 4.25 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે પાઈન લેબ્સમાં 20.13 ગણા, બર્ગર પેઈન્ટસમાં 17.25 ગણા, આઈઆઈએફએલ ફાઈ.માં 7.74 ગણા, સેઈલમાં 7.59 ગણા અને એનએમડીસી સ્ટીલમાં 5.15 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં બેઉતરફી વધઘટે સારૂં પ્રદર્શન કરતા જોવા મળ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.71 ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 0.27 ટકા સુધર્યા હતા. જેઓએ લાર્જકેપ શેરોની સરખામણીએ સારૂં પ્રદર્શન કર્યુ હતું.

રૂપિયો નવી નીચી સપાટીએ, 95.80 સુધી તૂટયો

દિવસ દરમિયાન ઓલ ટાઇમ લોથી નીચે ગયા પછી 95.66ની સપાટીએ બંધ રહ્યો

ફોરેક્સ બજાર

ડોલર	95.63 રૂ.
યુરો	112.50 રૂ.
પાઉન્ડ	129.22 રૂ.
યેન	0.6069 રૂ.

મુંબઇ, તા. 13 : વૈશ્વિક અનિશ્ચિતતા, ક્રુડ ઓઇલના ઉંચા ભાવો અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નિવેદનની રૂપિયા પર અસર પડતાં રૂપિયાએ આજે વધુ નવી નીચી સપાટી રચી દીધી હતી. આજે ઇન્ટ્રાડેમાં રૂપિયો તૂટીને 96 તરફ આગેકૂચ કરતો જોવા મળ્યો હતો, જે તૂટીને 95.80 સુધી પહોંચી ગયો હતો. જે છેલ્લે 2 પૈસા ઘટીને 95.66ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.64ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 112.58, પાઉન્ડ 129.32, કેનેડિયન ડોલર 69.85, ઓસ્ટ્રેલિયન ડોલર 68.90, જાપાનીઝ યેન 0.6067 અને સીંગાપોર ડોલર 75.35ના સ્તરે બંધ રહ્યા હતા. ફોરેક્સ ટ્રેડર્સના જણાવ્યા અનુસાર, આરબીઆઇ દ્વારા સંભવિત હસ્તક્ષેપ અને સોનાની આયાત પરની ડ્યુટીને કારણે ઘટાડાએ વધુ નબળાઈને અટકાવવામાં મદદ કરી છે. જોકે, ક્રૂડ ઓઈલની વધતી કિંમતો અને પશ્ચિમ એશિયાની સ્થિતિને કારણે રૂપિયા પર દબાણ જળવાઈ રહ્યું હતું. આ વર્ષે અત્યાર સુધીમાં 6 ટકાથી વધુના ઘટાડા સાથે રૂપિયો એશિયાનો સૌથી ખરાબ દેખાવ કરનાર ચલણ બન્યો છે. ટ્રેડર્સના મતે, ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ, મજબૂત ડોલર અને પશ્ચિમ એશિયાના સંકટ અંગેની ચિંતાઓએ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર પાડી છે.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૬૫૩૯૦
તેજાબી સોનું	૧૬૫૩૦૦
દાગીના-૨૨ કેરેટ	૧૫૭૧૨૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૬૨૦૮૦
સોનાનાં બિસ્કીટ	૧૬૫૩૯૦૦
ચાંદી (૯૯૯)	૨૯૪૭૦૦
ચાંદી સિક્કા	૨૯૬૨૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૨૫૦
ગુજરાત	
એમ-૩૦	૪૨૫૦
એસ-૩૦	૪૧૫૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૦૦	કોપરેલ	૫૩૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૮૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૭૫	સનફલાવર	૨૬૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૬૫૦	તલતેલ	૫૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૪૦૦	દિવેલ	૨૪૭૦
કપાસીયા (૫ લિ.)	૮૫૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

જો આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ સતત વધે, તો ભારતનું કુલ આયાત બિલ ઘટવાને બદલે વધી શકે

સોનાની આયાત ઓછી કરવાના કોઈ પગલાં સફળ થયાં નથી

ઉલટું દાણચોરી વધે છે

ભારતીયો પાસે 30000 ટન સોનું હોવાનો અંદાજ

ભારત સરકારે બિન-જરૂરી આયાત ઘટાડવા અને વિદેશી હૂંડિયામણ બચાવવા માટે સોના પરની આયાત જકાત 6% થી વધારીને 15% કરી છે. આ નિર્ણય પાછળના મુખ્ય કારણો અને તેની અસરો નીચે મુજબ છે:

૧. આયાત જકાત કેમ વધારવામાં આવી?

ભારત ચીન પછી વિશ્વમાં સોનાનો બીજો સૌથી મોટો આયાતકાર દેશ છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે ખાતર, ખાદ્ય ચીજવસ્તુઓ અને ક્રૂડ ઓઈલનું આયાત બિલ પહેલાથી જ ઘણું ઊંચું છે. આ સ્થિતિમાં, સોનાના વપરાશને ઘટાડીને ક્રૂડ ઓઈલ જેવી આવશ્યક વસ્તુઓ માટે વિદેશી ભંડોળ સુરક્ષિત રાખવા અને રૂપિયાને ટેકો આપવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

૨. સોનાના ભાવ પર શું અસર પડી?

ડ્યુટી વધારાની સીધી અસર ભાવ પર જોવા મળી છે. રાષ્ટ્રીય રાજધાની (દિલ્હી) માં ૨૪-કેરેટ સોનાનો ભાવ જે મંગળવારે 1,56,800 (પ્રતિ 10 ગ્રામ) હતો, તે બુધવારે વધીને 1,65,350 થયો છે.

૩. ભારતમાં સોનાની આયાત અને જથ્થો

આયાત: વર્ષ 2025-26માં ભારતની સોનાની આયાત 24% વધીને 71.98 અબજ ડોલરની સર્વોચ્ચ સપાટીએ પહોંચી હતી. જોકે, જથ્થાની દ્રષ્ટિએ આયાતમાં 4.76% નો ઘટાડો (કુલ 721.03 ટન) નોંધાયો હતો.

રિઝર્વ બેંક પાસે જથ્થો: RBI પાસે 880.52 મેટ્રિક ટન સોનું છે.

ખાનગી જથ્થોઃ એસોચેમના અંદાજ મુજબ, ભારતીય પરિવારો પાસે અંદાજે 30,000 ટન સોનું છે, જેની કિંમત લગભગ 5 ટ્રિલિયન ડોલર છે. આ વિશ્વનો સૌથી મોટો ખાનગી સોનાનો ભંડાર છે.

૪. અર્થતંત્ર પર અસર

મોંઘવારીઃ આ વધારાની અસર મે મહિનાના રિટેલ મોંઘવારીના ડેટામાં જોવા મળશે.

ચાલુ ખાતાની ખાધ (CAD): આંતરરાષ્ટ્રીય સ્તરે સોનાના ભાવ ઊંચા હોવાથી, આયાત ઘટવા છતાં બિલ મોંઘું રહેશે, તેથી CAD પર બહુ મોટી રાહત મળવાની શક્યતા ઓછી છે.

રૂપિયોઃ રૂપિયો હાલમાં દબાણ હેઠળ છે અને ડોલર સામે 95.80 ની વિક્રમી નીચી સપાટીએ પહોંચ્યો છે.

૫. પડકારો અને ભૂતકાળના પગલાં

સરકાર ભલે જકાત વધારીને જથ્થાત્મક આયાત ઘટાડવાનો પ્રયાસ કરે, પરંતુ જો આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ સતત વધતા રહે, તો ભારતનું કુલ આયાત બિલ (ડોલરમાં) ઘટવાને બદલે વધી શકે છે. આનાથી વિદેશી હૂંડિયામણ બચાવવાનો મૂળ હેતુ જોખમાય છે.

1993 પછી વિદેશી રોકાણકારોનો ભારતમાંથી આઉટફલો સર્વોચ્ચ સ્તરે

એફઆઇઆઇએ 2025માં રૂપિયા 1.66 લાખ કરોડનું વેચાણ કર્યુ હતું

મુંબઈ, તા. 13: લાંબા સમયથી વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ ચાલી રહ્યો છે અને આ માહોલમાં વિદેશી રોકાણકારોની સતત વેચવાલી રહી છે, જેના લીધે 1993 બાદ અત્યાર સુધીમાં સૌથી વધુ 1.99 લાખ કરોડ રૂપિયા નીકાળ્યા છે

જેએમ ફાઈનાન્સીયલના જણાવ્યા અનુસાર ભારતીય શેરમાં કુલ વિદેશી હોલ્ડીગ્સ હવે 14 વર્ષની નીચી સપાટીએ 14.7 ટકા પર પહોંચી ગયા છે. આમ, સતત વિદેશી રોકાણકારોનું ભારતીય ઈક્વિટી બજારમાંથી એક્ઝીટ થતું જોવા મળ્યું છે.

આમ, 2025માં આઉટફલોનું નેતૃત્વ વિદેશી રોકાણકારોએ જ કર્યુ હતું. જેમાં 1.66 લાખ કરોડ રૂપિયાનો આઉટફલો હતો. જેના મુખ્ય કારણમાં અસ્થિર ચલણની હિલચાલ, વૈશ્વિક વેપાર તણાવ જેમાં સંભવિત યુએસ ટેરિફ અને ઉંચા વેલ્યુએશનની અસર રહી હતી, જોકે, 2026માં હકારાત્મક વલણ રહેવાની અપેક્ષા હતી, પણ 2026માં પણ એફઆઈઆઈનો આઉટફલો ચાલુ રહેવા પામ્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે જો કોવિડ રોગચાળો આસદીનું સૌથી મોટું સંકટ હતું, તો પશ્ચિમએશિયા યુદ્ધને કારણે સર્જાયેલી પરિસ્થિતિ આદાયકાની સૌથી મોટી કટોકટીઓ પૈકીની એક છે. જ્યારે સરકારનો પ્રયાસ છે કે લોકોપર તેનીઅસર ઓછામાં ઓછી થાય. એવી અપેક્ષા છે કે, એફપીઆઈ ભારતમાં ટકાઉ રીતે પાછા ફરશે.

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ''	૧૩૨	-----	---
૩૦/૨૪ બ્રાઈટ	૨૬૪.૫	૫૦/૩૬ ''	૧૪૪	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૩
૩૦/૩૬ એફડી	૨૭૨	૫૦/૪૮ SD/ક્રેપ	૨૩૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૩૭
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૫	૩૦/૧૪ ક્રિમ્પ	૧૪૨
૬૮/૩૬	૧૪૦	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ	૧૩૪	૬૮ ક્રિમ્પ	૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૩	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૪	૮૦/૭૨ રોટો	૧૩૮.૫	૭૫ ક્રિમ્પ	૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૯	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૬.૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૯	૮૦/૭૨ રોટો	૧૩૮
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---	---	૩૦/૨૪ બ્રાઈટ	---
૧૫૦/૪૮બ્રાઈટ	૧૨૯	૮૦/૧૦૮ ''	૧૩૬	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૭

એર ઈન્ડિયાનું 'ફ્લાઈટ કટ' મિશન: આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સમાં કર્યો ધરખમ ઘટાડો

દિલ્હી-શિકાગો, મુંબઇ-ન્યુયોર્ક સહિતના અનેક મોટા રૂટ અસ્થાયીરૂપે સ્થગિત કરાયા

નવી દિલ્હી, તા. 13: એર ઈન્ડિયાએ એરસ્પેસ પ્રતિબંધો અને જેટ ફયુઅલના ઉંચા ભાવને કારણે જુનથી ઓગસ્ટ સુધી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટસમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. દિલ્હી-શિકાગો, મુંબઈ-ન્યુયોર્ક સહિત અનેક મોટા રૂટ અસ્થાયીરૂપે સ્થગિત કરવામાં આવશે. આ પગલું જુનથી ઓઘસ્ટ મહિના માટે લેવામાં આવી રહ્યું છે. તેનો મુખ્ય ઉદ્દેશ તેના નેટવર્કની સ્થિરતામાં સુધારો કરવાનો છે. એર ઈન્ડિયાએ કહ્યું કે, આ ફેરફાર આંતરરાષ્ટ્રીય સેવાઓ માટે કરવામાં આવી રહ્યો છે. એસ્પેસના પડકારો ફ્લાઈટસ ચલાવવાનું મુશ્કેલ બનાવી રહ્યા છે. આ સાથે જેટ ફયુઅલના ઉંચા ભાવને કારણે ઓપરેટીંગ ખર્ચ પણ વધી રહ્યો છે. દિલ્હી-શિકાગો, મુંબઈ-ન્યુયોર્ક, દિલ્હી-શાંઘાઈ અને ચેન્નાઈ-સિંગાપોર જેવા મુખ્ય રૂટ પરની સેવાઓ અસ્થાયીરૂપે સ્થગિત રહેશે. આ સિવાય અન્ય બે વિદેશી રૂટ પરની ફ્લાઈટસ પણ સ્થગિત રહેશે. આ નિર્ણયની સીધી અસર મુસાફરો અને મુસાફરીની યોજનાઓ પર પડશે.

આ નિર્ણય સંદર્ભમાં એર ઈન્ડિયાએ કારણો આપતા કહ્યું કે, પહેલું કારણ એરસ્પેસ પ્રતિબંધો છે, જે કેટલાક વિસ્તારોમાં ફ્લાઈટસના સંચાલનમાં વિક્ષેપ પાડી રહ્યા છે. બીજું મહત્વનું કારણ જેટ ફયુઅલની સતત વધતી કિંમતો છે.

बैंक ऑफ इंडिया Bank of India BOI

ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત–૩૯૫૦૦૧

સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ મિલકતોની સ્ટાર મેગા ઈ-હરાજી વેચાણ નોટીસ

ઈ–હરાજીની તા.૦૯.૦૬.૨૦૨૬ સવારે ૧૧ થી સાંજે ૫ સુધી

(ઓટો એક્સ્ટેન્શન નિયમ પ્રમાણે હરાજી બંધ થવા પહેલા ૧૦ મિનીટના વધારા સાથે)

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ના રૂલ ૮(૬) અને રૂલ ૯(૨) સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રુલ ૨૦૦૨ હેઠળ જાહેર જનતા અને ખાસ કરીને નીચે દર્શાવેલ દેવાદાર(રો) અને જામીનદાર(રો) ને નોટીસ આપી જણાવવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકત(તો) કે જે સિકયોર્ડ ક્રેડીટર્સને ગીરવે/ચાર્જ કરેલ કે જેનો સાંકેતિક/પ્રત્યક્ષ કબજો બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા મેળવવામાં આવેલ છે. જેનું 'જ્યાં છે, જે કંઈ છે અને જેવું છે તેવું' ના ધોરણે બેંક ઓફ ઈન્ડિયા, સિકયોર્ડ ક્રેડીટર્સ દ્વારા જે તે દેવાદાર અને જામીનદારોના બાકી રકમ માટે ઈ–હરાજીથી વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને ઈએમડીની રકમ નીચે મુજબ રહેશે. નીચે સહી કરનાર દ્વારા નીચે જણાવેલ ઈ–હરાજી પ્લેટફોર્મથી વેચાણકરવામાં આવશે.

અ.નં.	શાખાનું નામ દેવાદાર / જામીનદાર / માલિક / ભાગીદાર / મિલકતના ગીરવેદાર નું નામ	વેચાણ માટેની મિલકતનું વર્ણન	અ) સરફેસી એક્ટ ૨૦૦૨ની કલમ ૧૩(૨)હેઠળ માંગણા નોટીસની તારીખ બ) બાકી રકમ અને ડીમાન્ડ નોટીસ ની તરીખ ક) કબજાનો પ્રકાર સાંકેતિક /પ્રત્યક્ષ રચનાત્મક	ન્યુનતમ અનામત કિંમત ઈએમડી	શાખા હેડ નો સંપર્ક નંબર
૧.	**અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા** શ્રી હરેશભાઈ પુનાભાઈ ખોખાની અને શ્રી નરેશભાઈ પુનાભાઈ ખોખાની	રામેશ્વર બંગલોઝ રહેણાંકના ઘરનો પ્લોટ નં.૫૪, પ્લોટ એરીયાનું ૨૦૦૦ ચો.ફુટ, બિલ્ટ અપ એરીયા ૫૬૦.૭૦ ચો.ફુટ, પોલીટેકનીક કોલેજ પાસે, દેસાડ રોડ, વાલીયા, તા.વાલીયા, જી.ભરૂચ. **રહેણાંકની મિલકત**	અ) ૦૩.૦૭.૨૦૧૭ બ) રૂા. ૨૧,૩૭,૯૪૮/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૧૦,૭૮,૦૦૦/– રૂા.૧,૦૮,૦૦૦/–	૯૮૯૮૧૬૦૫૧૦
૨.	**અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા** પ્રકાશભાઈ નારણભાઈ ધામેલીયા અને અન્યો	સર્વે નં. ૨૯૯ એ પૈકી રામેશ્વર બંગ્લોઝ, પ્લોટ નં. ૫૨ વાલીયા પોલીટેકનીક કોલેજ પાછળ વાલીયા– દેસાડ રોડ, વાલીયા શાખા, ભરૂચ – ૩૯૩૧૩૫ **રહેણાંકની મિલકત**	અ) ૧૨.૦૪.૨૦૧૭ બ) રૂા. ૨૧,૩૭,૮૯૮.૯૫/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૧૦,૭૮,૦૦૦/– રૂા.૧,૦૮,૦૦૦/–	૯૮૯૮૧૬૦૫૧૦
૩	**અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા** **લાલજીભાઈ રામજીભાઈ સાવલીયા, પ્રવિણભાઈ રામજીભાઈ સાવલીયા**	મિલકત કે જે સર્વે નં. ૨૯૯ એ પૈકી રામેશ્વર બંગ્લોઝ, નો પ્લોટ નં. ૪૬ વાલીયા પોલીટેકનીક કોલેજની પાછળ, વાલીયા દેસાડ રોડ, વાલીયા ભરૂચ ૩૯૩૧૩૫ **રહેણાંકની મિલકત**	અ) ૦૨.૦૬.૨૦૧૮ બ) રૂા. ૨૧,૮૦,૩૫૫/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૧૦,૧૦,૦૦૦/– રૂા. ૧,૦૧,૦૦૦/–	૯૮૯૮૧૬૦૫૧૦
૪	**અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા** **પ્રકાશચંદ કમલપ્રસાદ ગુપ્તા**	ફ્લેટ નં.જીએફ/૦૨, ભોયતળિયુ, સાંઈલોક એવન્યુ, રાજપીપળા ચોકડી નજીક, રે.સ.નં.૨૭/૧, પૈકી પ્લોટ નં. ૨૧ અને ૨૨, ગડખોલ, અંકલેશ્વર– ૩૯૩૦૦૨ **રહેણાંકની મિલકત**	અ) ૦૪.૧૦.૨૦૧૭ બ) રૂા. ૭,૮૦,૭૯૦/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૪,૩૦,૦૦૦/– રૂા.૪૩,૦૦૦/–	૯૮૯૮૧૬૦૫૧૦
૫	**અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા** શ્રી અનિલભાઈ ધનજીભાઈ સાવલીયા શ્રી ધનજીભાઈ રામજીભાઈ સાવલીયા	સર્વે નં. ૨૯૯ એ પૈકી રામેશ્વર બંગ્લોઝ નો પ્લોટ નં.૪૫, પોલીટેકનીક કોલેજ પાછળ, દેસાડ રોડ, વાલીયા, તા.વાલીયા, જી.ભરૂચ–૩૯૩૧૩૫ **રહેણાંકની મિલકત**	અ) ૦૪.૧૦.૨૦૧૭ બ) રૂા. ૨૧,૮૯,૫૫૮/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૧૦,૧૦,૦૦૦/– રૂા.૧,૦૧,૦૦૦/–	૯૮૯૮૧૬૦૫૧૦
૬	**અંકલેશ્વર** હસમુખભાઈ ભીખાભાઈ કાકડીયા, હંસાબેન હસમુખભાઈ કાકડીયા	સર્વે નં. ૨૯૯ એ પૈકી રામેશ્વર બંગ્લોઝ નો પ્લોટ નં.૫૧, પોલીટેકનીક કોલેજ પાછળ, દેસાડ રોડ, વાલીયા, તા.વાલીયા, જી.ભરૂચ–૩૯૩૧૩૫ **રહેણાંકની મિલકત**	અ) ૦૯.૦૫.૨૦૧૮ બ) રૂા. ૨૨,૫૧,૨૮૮/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૧૦,૧૦,૦૦૦/– રૂા.૧,૦૧,૦૦૦/–	૯૮૯૮૧૬૦૫૧૦
૭	**અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા** શ્રી સંજયકુમાર વિનુભાઈ સાંગાણી શ્રીમતી મનીષાબેન એસ સાંગાણી	સર્વે નં. ૨૯૯ એ પૈકી રામેશ્વર બંગ્લોઝ નો પ્લોટ નં.૫૫, વાલીયા પોલીટેકનીક કોલેજ પાછળ, વાલીયા દેસાડ રોડ, વાલીયા, જી.ભરૂચ–૩૯૩૧૩૫ **રહેણાંકની મિલકત**	અ) ૦૪.૦૭.૨૦૧૭ બ) રૂા. ૨૧,૧૯,૫૮૦/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૭,૮૦,૦૦૦/– રૂા.૭૮,૦૦૦/–	૯૮૯૮૧૬૦૫૧૦
૮	**અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા** શ્રી વિપુલભાઈ સુખાભાઈ ધામેલીયા શ્રી વિરલકુમાર સુખાભાઈ ધામેલીયા	સર્વે નં. ૨૯૯ એ પૈકી રામેશ્વર બંગ્લોઝ નો પ્લોટ નં.૫૩, વાલીયા પોલીટેકનીક કોલેજ પાછળ, વાલીયા દેસાડ રોડ, વાલીયા, જી.ભરૂચ–૩૯૩૧૩૫ **રહેણાંકની મિલકત**	અ) ૧૨.૦૪.૨૦૧૭ બ) રૂા. ૨૧,૮૪,૪૭૫/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૯,૪૫,૦૦૦/– રૂા.૯૪,૫૦૦/–	૯૮૯૮૧૬૦૫૧૦
૯	**અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ શાખા** રૂપરાજસિંહ હંસરાજસિંહ સેંગાર	રે.સ નં. ૫૭૭, ધરતી રેસીડન્સી, ત્રીજો માળ, ફ્લેટ નં. ૩૦૩, રૂદ્રા રેસીડન્સી નજીક, અંબર હાઈટસ પાછળ, વાલીયા રોડ, કોસમડી– ૩૯૩૦૦૧ **રહેણાંકની મિલકત**	અ) ૦૨.૦૬.૨૦૧૮ બ) રૂા. ૧૦,૦૨,૬૧૮/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૮,૭૨,૫૦૦/– રૂા.૮૭,૨૫૦/–	૯૮૯૮૧૬૦૫૧૦
૧૦	**બોમ્બે માર્કેટ** મેહુલ કુમાર કેશુભાઈ વિરાણી સુજનીકુમાર ગંડુભાઈ સાગાણી	ફ્લેટ નં. ૫૦૨, બિલ્ડીંગ નં. સી/૦૨, ૫મો માળ, ઓમ રેસીડન્સી, રજવાડી પાર્ટી પ્લોટ ની સામે, ન્યુ કોસાડ રોડ, તા. સુરત – કોસાડ– ૩૯૪૧૦૪ એરીયા ૪૨.૧૯ ચો.મી **રહેણાંકની મિલકત**	અ) ૦૪.૦૯.૨૦૧૯ બ) રૂા. ૧૦,૦૮,૭૪૪.૦૭/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૭,૮૮,૦૦૦/– રૂા.૭૮,૮૦૦/–	૯૦૩૪૮૪૬૭૦૪
૧૧	**નવાગામ કેસીઆર શાખા** શ્રીમતી સુમન રામસરે પાલ, શ્રી રામસરે કે પાલ	પ્લોટ નં. ૪૭/બી અને ૪૮/બી, મહાવીર નગર રેસીડન્સી, નો રે.સ નં. ૫૯, ૬૦, ૬૧ નવો બ્લોક નં. ૬૭ માપ આશરે ૫૨.૦૯ ચો.મી બરાબર ૧૨૦.૯૭ ચો. ફુટ, ગામ. કારેલી, તા.પલસાણા, જી.સુરત. **રહેણાંકની મિલકત**	અ) ૨૨.૧૧.૨૦૨૧ બ) રૂા. ૨૬,૬૯,૧૫૨/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા. ૧૮,૫૫,૦૦૦/– રૂા. ૧,૮૬,૦૦૦/–	૯૦૯૯૦૬૩૭૩૯
૧૨	**નવાગામ કેસીઆર શાખા** શ્રી દિનેશ સંતોષ પાટીલ શ્રીમતી જીજાબાઈ સંતોષ પાટીલ	પ્લોટ નં. ૨૪૯ આરાધના પ્લેટીન્યુમ ભાગ–૧, આશરે માપ ૪૦.૧૮ ચો.મીટર બરાબર ૪૮ચો.વાર રે.સ નં. ૪૩,૪૩/૨, નવો બ્લોક નં. ૭૪ મોજે કારેલી, તા. પલસાણા, જી. સુરત. **રહેણાંકની મિલકત**	અ) ૨૧.૦૬.૨૦૨૪ બ) રૂા. ૭,૫૩,૬૫૪.૬૮/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) સાંકેતિક કબજો	રૂા. ૭,૨૩,૦૦૦/– રૂા. ૭૩,૦૦૦/–	૯૦૯૯૦૬૩૭૩૯
૧૩	**નવાગામ કેસીઆર શાખા** શ્રી દિલીપસીંગ કેશરીસીંગ રાજપુરોહીત, શ્રીમતી મધુબેન રાજપુરોહીત	પ્લોટ નં. ૪૬/૧ સહકાર પાર્ક વિભાગ–૧, આશરે માપ ૬૨.૫૭ ચો.મીટર બરાબર ૭૪.૮૩ ચો.વાર સોયાણી ગામ. સર્વે નં. ૧૯૧, ૧૯૩, ૧૯૪ અને ૧૯૫/૧, બ્લોક નં. ૨૧૭ અને ૨૨૫ મોજે ગામ. સોયાની, તા. પલસાણા, જી. સુરત. **રહેણાંકની મિલકત**	અ) ૨૦.૦૯.૨૦૨૩ બ) રૂા. ૧૯,૦૧,૭૩૫/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા. ૧૧,૬૩,૦૦૦/– રૂા. ૧,૧૬,૩૦૦/–	૯૦૯૯૦૬૩૭૩૯
૧૪	**નવાગામ કેસીઆર શાખા** રાકેશબહાદુરસીંગ રાજપુત, બિના આર રાજપુત, જામીનદાર– ધંનજય આર સીંગ	પ્લોટ નં. ૬૦/૧ સહકાર પાર્ક વિભાગ–૧, સહકાર બંગ્લો ની બાજુમાં, સોયાણી વોટર પાર્ક નજીક, મોજે ગામ. સોયાની, તા. પલસાણા, જી. સુરત. **રહેણાંકની મિલકત**	અ) ૩૧.૦૮.૨૦૨૨ બ) રૂા. ૧૫,૨૨,૭૩૬/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા. ૧૬,૪૮,૦૦૦/– રૂા. ૧,૬૪,૮૦૦/–	૯૦૯૯૦૬૩૭૩૯
૧૫	**નવસારી** સુશીલકુમાર પાંડે બ્રીજ બિહાર પાંડે રીષુકુમારી	રહેણાંકનું રો હાઉસ કે જે પ્લોટ નં. ૨૭+ ૨૮+ ૨૯ બંગ્લોક નં. ૭ ગાયત્રી મંદીર નજીક, બંદર રોડ જી.નવસારી – ૩૯૬૪૪૫ ખાતે આવેલ છે. એરિયા ૧૦૪.૦૮ ચો.મી **રહેણાંકની મિલકત**	અ) ૦૧.૦૮.૨૦૨૩ બ) રૂા. ૧૮,૦૮,૩૪૨.૧૭/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૨૬,૦૦,૦૦૦/– રૂા.૨૬,૦૦૦/–	૯૬૯૫૭૫૯૬૯૫
૧૬	**નવસારી** **જયોતિબેન ગોપાલભાઈ પ્રજાપતી**	ફ્લેટ નં. એ–૨૦૩, બીજો માળ પ્રભાકુંજ પનાઈશા 'એ' વિંગ, વિજય દર્શન રેસીડનસી નજીક, સ્ટેશન એરૂ રોડ, વિજલપોર, જી. નવસારી – ૩૯૬૪૫૦.એરિયા ૬૩૫ ચો.ફુટ **રહેણાંકની મિલકત**	અ) ૨૦.૧૨.૨૦૨૪ બ) રૂા. ૧૧,૫૯,૩૫૫.૨૩/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૧૪,૦૫,૦૦૦/– રૂા. ૧,૪૦,૫૦૦/–	૯૬૯૫૭૫૯૬૯૫
૧૭	**પાલોદ કેસીઆર** **બબ્લુ સોનુ શર્મા અને અમોલા દેવી બબ્લુ શર્મા**	મોજે ગામ. હલધરૂ, રે.સ.નં. ૩૫૨, જૂનો બ્લોક નં. ૪૪૬, ન્યુ બ્લોક નં. ૪૯૭/એ, 'શુભમ રેસીડન્સી' પ્લોટ નં. ૨૦૨, વાસ્તુ રેસીડન્સી સામે, વી.કે. રેસીડન્સી ની બાજુમાં હલધરૂ– ૩૯૪૩૧૦ એરિયા ૪૦.૧૩ ચો.મી **રહેણાંકની મિલકત**	અ) ૨૭.૦૯.૨૦૨૪ બ) રૂા. ૬,૬૬,૧૦૧.૫૯/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૭,૫૦,૦૦૦/– રૂા. ૭૫,૦૦૦/–	૯૯૫૩૨૪૧૦૮૧
૧૮	**રામપુરા** **શ્રી વનખેડે અજય**	પ્લોટ નં. ૧૫૭, રાહી લકઝુરીયા, ઓમ લેક ટાઉન ની પાછળ, ધામદોડ રોડ, તા. પલસાણા, ટુંડી– ૩૯૪૩૧૦.એરિયા ૪૫.૭૧ ચો.મી **રહેણાંકની મિલકત**	અ) ૨૭.૧૦.૨૦૨૫ બ) રૂા. ૧૫,૯૪,૭૬૧.૦૦/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૧૪,૦૦,૦૦૦/– રૂા. ૧,૪૦,૦૦૦/–	૯૯૬૭૮૬૨૭૯૭
૧૯	**ઉધના શાખા** શ્રી હરેન્દ્ર મલૈયા વેમુલા	રહેણાંકનો ગાળા ટાઈપ મિલકત ઉમા વિહાર બંગલોઝ નો પ્લોટ નં ૨૫૯ કે જે ડીજીવીસીએલ પાવર ગ્રીડ અને દસ્તાન ફાટક પાસે, દસ્તાન ૩૯૪૩૧૦ તા. પલસાણા જી. સુરત ખાતે રેવન્યુ સર્વે નં ૨૫ બ્લોક નં ૩૧ ખાતે શ્રી હરેન્દ્ર મલૈયા વેમુલા ના નામે આવેલ છે. **રહેણાંકની મિલકત**	અ) ૨૧.૦૪.૨૦૨૩ બ) રૂા. ૧૦,૯૦,૮૩૩.૬૮/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) પ્રત્યક્ષ કબજો	રૂા.૮,૦૮,૦૦૦/– રૂા.૮૧,૦૦૦/–	૯૯૧૩૩૩૭૦૩૪
૨૦	**વ્યારા શાખા** મેસર્સ વ્રિષવ ક્રિએશન	પ્લોટ નં. ડી–૧૦૫ (મંજુર પ્લાન નો નવો પ્લોટ નં. ૧ –૧૦૫), માપ ૧૦૮.૭૨ ચો.મીટ, રિવર પેલેસ સોસાયટી, રાજહંસ સીનેમા નજીક, ખડકા – ચીખલી રોડ, કાનપુરા, જી. તાપી – ૩૯૪૬૫૦. **રહેણાંકની મિલકત**	અ) ૧૧.૦૬.૨૦૨૫ બ) રૂા. ૧૬,૮૨,૧૮૩.૬૬/– વત્તા વધારાનું વ્યાજ અને કોસ્ટ આકસ્મિક ખર્ચાઓ વિગેરે ક) સાંકેતીક કબજો	રૂા.૧૪,૮૦,૦૦૦/– રૂા.૧,૪૯,૦૦૦/–	૯૯૧૩૫૯૩૫૯૯

હરાજીમાં ભાગ લેતા પહેલા બીડરોએ મિલકત/તોનું સાઈટ પરનું માપ અને રેવન્યુ રેકર્ડ માં પણ માપ ચકાસી લેવાનું રહેશે.

નિયમો અને શરતો : (૧) સદર મિલકતની હરાજી 'જેમ છે તેમ' અને જ્યાં છે ત્યાં' અને ઓનલાઈન કરવામાં આવશે. બીડ કરતા પહેલાં **તે પહેલા કામકાજના દિવસો દરમ્યાન** ઈએમડી એનઈએફટી અથવા ફંડ ટ્રાન્સફરથી હરાજી ની પ્રક્રિયા સુધી જમા કરી શકાશે. (૨) બીડરે વધુ વિગતો, નિયમો અને શરતો ડાઉનલોડ કરવા કૃપા કરી (એ) https://www.bankofindia.bank.in ની મુલાકાત લેવી. (બી) અમારી ઈ–હરાજી સેવા આપનારી વેબસાઈટ https://baanknet.com અને https://baanknet.com ની મુલાકાત લઈ શકે છે જ્યાં બીડરો માટે શૈક્ષણિક વિડીઓ ઉપલબ્ધ છે. બીડરો એ નીચેના સ્ટેપ બીડીંગમાં સારી રીતે પૂર્ણ કરવાના રહેશે. **સ્ટેપ ૧ :** બીડર/ખરીદનાર નોંધણી : ઈ–ઓકશન પ્લેટફોર્મ ઉપર નોંધણી કરનારે (ઉપર આપેલ લીંક) માં મોબાઈલ નંબર અને ઈમેલ આઈડી નો ઉપયોગ કરવાનો રહેશે. **સ્ટેપ ૨ :** કેવાયસી ખરાઈ : બીડરે જરૂરી દસ્તાવેજો અપલોડ કરવા માટે, કેવાયસી દસ્તાવેજોની ચકાસણી ઈ–હરાજી સેવા આપનાર દ્વારા કરવામાં આવશે. (કાર્યકારી ૨ દિવસ લાગી શકે છે). **સ્ટેપ ૩ :** બીડર ગ્લોબલ વોલેટ દ્વારા ઈએમડી રકમનું ટ્રાન્સફર, ઈ–હરાજી પ્લેટફોર્મ પર જનરેટ થયેલ ચલણનો ઉપયોગ કરીને એનઈએફટી ઈ–હરાજી પ્લેટફોર્મ ઓનલાઈન / ઓફ લાઈન ફંડનું ટ્રાન્સફર કરી શકાશે. **સ્ટેપ ૪ :** બીડીંગ પ્રક્રિયા અને હરાજીના પરિણામો : રસ ધરાવનાર રજીસ્ટર્ડ બીડર ઓનલાઈન ઈ–હરાજી પ્લેટફોર્મ પર ૧, ૨ અને ૩ સ્ટેપ પૂર્ણ કર્યા પછી બીડીંગ કરી શકશે. અને બીડર્સને જાણ કરવામાં આવે છે કે ઈએમડી જમા કરવા પહેલા ઈ–હરાજીની તારીખ પહેલા **સ્ટેપ ૧, ૨ અને ૩** સંપૂર્ણ રીતે પૂર્ણ કરવા પડશે. (૩) અધિકૃત અધિકારીની મહત્તમ જાણકારી અને માહિતી અનુસાર મિલકત પર અન્ય કોઈ બોજો નથી છતાં બીડરે બીડ કરતા પહેલા મિલકતના ટાઈટલ અને ક્લેઈમ / હક્ક / બાકી / બોજા અંગેની જાણકારી મેળવી લેવી. ઈ–હરાજીની જાહેર ખબર બેંક પ્રત્યેની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધીત્વ દર્શાવતી નથી કે દર્શાવતી હોઈ તેમ સમજી શકાશે નહી. મિલકતની હરાજી બેંક દ્વારા મિલકત ઉપરના હાલના તેમજ ભવિષ્યના જાણીતા કે અજાણ તમામ બોજા સહિત વેચવાની છે. અધિકૃત અધિકારી / સિકયોર્ડ ક્રેડીટર્સ થર્ડ પાર્ટી ના ક્લેઈમ / રાઈટ્સ / વાંધા માટે જવાબદાર રહેશે નહી. (૪) **નિરીક્ષણ ની તારીખ : ૦૨.૦૬.૨૦૨૬ ના રોજ સવારે ૧૧ થી ૪ વાગ્યા સુધી કરી શકાશે.** તે માટે સંબંધિત શાખાનો સંપર્ક કરવો. (૫) બીડ ફક્ત ઓનલાઈન દ્વારા જ રજૂ કરવી પડશે. (૬) બીડરોએ વેચાણની શરતો વાંચી અને સમજી છે અને તેના માટે બંધાયેલ છે એમ માનવામાં આવશે. (૭) સબમીટ કરવાની બીડ કિંમત અનામત કિંમતથી ઉપર રહેશે અને બીડર્સ તેમની બોલી **રૂા.૧૦૦૦૦/– (રૂા.દસ હજાર)** ના ગુણાંકમાં કરવાની રહેશે. (૮) બીડ રજૂ કરતા પહેલા બીડરે મિલકતનું નિરીક્ષણ તેમજ મિલકત અંગેની તમામ જાણકારી મેળવી લેવી. (૯) સફળ બીડર્સની ઈએમડી રકમ વેચાણ પ્રક્રિયામાં જમા લેવામાં આવશે અને અસફળ બીડરોની ઈએમડી પરત કરવામાં આવશે. (૧૦) ઈએમડી પર વ્યાજ મળશે નહી અને સફળ થનાર બીડરે અધિકૃત અધિકારી દ્વારા બીડની કિંમત સ્વીકાર્યા બાદ તરત જ વેચાણ કિંમતનાં ૨૫% (ઈએમડી સાથે) જમા કરવાનાં રહેશે અને વેચાણ કિંમતની બાકીની રકમ (૭૫%) વેચાણ નક્કી થયાની તારીખથી ૧૫ દિવસ કે તે પહેલા જમાં કરવાનું રહેશે. સફળ બીડર્સ દ્વારા રકમ જમા કરવામાં કસુર (વિલંબ) થયે બીડરની જમા રકમ જપ્ત થશે અને મિલકત પુનઃ હરાજીમાં મુકાશે અને કસુરવાર બીડની રકમ બાબતમાં કોઈપણ દાવો / અધિકાર રહેશે નહી. (૧૧) કોઈપણ ઈન્ટરનેટ નેટવર્ક સમસ્યા / પાવર નિષ્ફળતા/ અન્ય કોઈ ટેકનીકલ ખામી નિષ્ફળતા વગેરે માટે અધિકૃત અધિકારી / બેંક કે ઈ–હરાજી સેવા આપનાર ને જવાબદાર ગણવામાં આવશે નહી. આથી આકસ્મિક પરિસ્થિતીને દૂર રાખવા માટે ઈચ્છુક બીડરોને વિનંતી કરવામાં આવે છે કે તેમણે ઈ–હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા માટે સંપૂર્ણ સજ્જ છે તે ચકાસી લેવું. (૧૨) ખરીદનારે લાગુ સ્ટેમ્પ ડયુટી / રજીસ્ટ્રેશન ફી / લાગુ પડતા સરકારી લેણાં જીએસટી અન્ય ચુકવણી અને કોઈપણ કાનુની / બીન કાનુની બાકી કર / આકારણી વેરો વગેરે ભરવો પડશે. (૧૩) અધિકૃત અધિકારી / બેંક ઉચ્ચતમ ઓફર સ્વીકારવા બંધાયેલ નથી અને તે હરાજીની કાર્યવાહી કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના તમામ ઓફરોને સ્વીકારવા કે નકારવા અથવા ઈ–હરાજી મુલતવી રાખવા/રદ કરવા અથવા તેની કોઈપણ મિલકત અથવા ભાગ પાછો ખેંચવા સંપૂર્ણ અધિકાર અને વિવેક ધરાવે છે. (૧૪) વેચાણ પ્રમાણપત્ર ફકત ખરીદનાર / અરજદારના નામે જારી કરવામાં આવશે અને અન્ય કોઈપણ નામે જારી કરવામાં આવશે નહી. (૧૫) વેચાણ સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસ્સેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના અમલીકરણ હેઠળ નિયમો / શરતો ને આધિન રહેશે. વેચાણની શરતો પરની કોઈપણ વિગતો / પુછપરછ સંબંધિત શાખાના આપેલ સંપર્ક નંબરો પરથી મેળવી શકાશે. (૧૬) સરફેસી કાયદા મુજબ ઉપરોક્ત ખાતાના કરજદાર / જામીનદાર / ગીરવેદાર ને**૧૫ દિવસ** ની નોટીસ દ્વારા ઉપરોકત તારીખે રાખેલ હરાજીની જાણ કરવામાં આવેલ છે.

SCAN HERE For More Detaile Terms & Conditions

તા.૧૪.૦૫.૨૦૨૬ । સ્થળ : સુરત

અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા